# સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ

સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ,
રૂપાનાં કડલાં ચાર,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ ૦

બાંયે બાજુબંધ બેરખા રે આંબાની ડાળ (૨)
કિનખાબી સુરવાલ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ ૦

ચડવા તે ઘોડલા હંસલા રે, આંબાની ડાળ (૨)
પિતળીયા પલાણ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ ૦

પગે રાઠોડી મોજડી રે, આંબાની ડાળ (૨)
ચાલે ચટકતી ચાલ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ ૦

માથે મેવાડી મોળિયાં, આંબાની ડાળ (૨)
દશે આંગળીએ વેઢ,
વા'લો મારો હીંચે હિંડોળે.... આંબાની ડાળ ૦

ભક્તિમિત્ર • bhaktimitra.in